શ્રી અનુપૂર્વિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

જૈન સ્થાનકવાસી વિદ્યાલય તરફથી

શાહ ત્રીભોવનદાસ ગુલાબચંદ.

ગાંધી રતનચંદ પાનાચંદ.

બીડી બજાર પાટકા બીલ્ડીંગ—મુંબઇ.

આવૃત્તિ ૧ લી. [illegible] ૧૦૦૦

સવંત [illegible] ૨. સને ૧૯૨૬.

શ્રી વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ રતીલાલ કેશવલાલે છાપ્યું
[illegible] પટેલની પોળ—અમદાવાદ.

કીંમત સદુપયોગ.

શ્રી વિદ્યાલયમાં મળતાં પુસ્તકો!

શ્રી જ્ઞાનભંડાર, કીં. રૂા. ૧ા; શ્રી ઉપદેશ સાગર રૂ. ૨; શ્રી વૈરાગ્ય શતક પૂર્વાર્ધ રૂ. ૨ ઉત્તરાર્ધ રૂ. ૨ા, ભાવનાશતક રૂ. ૧ા; જૈન સઝ્ઝાયમાળા ભાગ ૪ થો. રૂ. ૧ા; સુબોધ જૈન સ્તુતિ રૂ. ૧ા; વીરભાગુ ઉદેભાગુ રાસ રૂ. ૧); નમીરાજાનો રાસ રૂ. ૧); થોક સંગ્રહ રૂ. ૦ાા; જૈન સ્તુતિ રૂ. ૦ા≡; સામાયિક પ્રતિક્રમણ રૂ. ૦ા; આત્મસિદ્ધિ રૂ. ૦ા; આ સિવાય સામાયિક વ્રત, અનુપૂર્વી, શ્રાવકનાં વ્રત આદરવાની ચોપડી મફત મળશે, અને બીજા ધાર્મિક પુસ્તકો તથા નકશાઓ વ્યાજબી કીંમતે મળશે, લખો:—

શ્રી જૈન સ્થાનકવાસી વિદ્યાલય.

ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

અનુપૂર્વિ.

જ્યાં ૧ હોય ત્યાં નમો અરિહંતાણં કહેવું.

જ્યાં ૨ હોય ત્યાં નમો સિદ્ધાણં કહેવું.

જ્યાં ૩ હોય ત્યાં નમો આયરિયાણં કહેવું.

જ્યાં ૪ હોય ત્યાં નમો ઉવજ્ઝાયાણં કહેવું.

જ્યાં ૫ હોય ત્યાં નમો લોએસવ્વસાહુણં કહેવું.

ચોપાઇ.

અનુપૂર્વિ ગણજ્યો જોય,
છમાસી તપનું ફળ હોય;
સંદેહ નવ આણો લગાર,
નિર્મળ મને જપો નવકાર. ૧

શુદ્ધ વસ્ત્રે કરી ધરીને વિવેક,
દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ નિત અનુપૂર્વિ જે ગણે,
તે પાંચસે સાગરના પાપને હણે. ૨

દોહરા.

એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર;
તે બાંધે શુભ દેવનું, આયુષ્ય અપરંપાર. ૧
ઓગણીશલાખ ત્રેસઠહજાર, બસેંબાસઠ પળ;
ત્યાં સુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ. ૨
અશુભ કર્મ કે હરનકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગમે, દેખ લિઓ તત્ત્વ સાર. ૩

ગુરૂને પ્રત્યક્ષ અભિવંદન.

[શાર્દુલવિક્રિડિત.]

વંદુ વીર નમાવી શીર તમને,
સન્માનું હું સર્વદા;
સત્કારૂં સદ્બુદ્ધિ એ શુભ ગુરૂ,
આચાર સુંદર સદા.
કલ્યાણી કરૂણા ધણી ગુણ મણિ,
માંગલ્યકારી મુનિ;
જીવોને સુખદાય માય સરખા,
ગંભીરતાદિ ગુણી.

૧	૨	૩	૪	૫	૧	૨	૪	૩	૫
૨	૧	૩	૪	૫	૨	૧	૪	૩	૫
૧	૩	૨	૪	૫	૧	૪	૨	૩	૫
૩	૧	૨	૪	૫	૪	૧	૨	૩	૫
૨	૩	૧	૪	૫	૨	૪	૧	૩	૫
૩	૨	૧	૪	૫	૪	૨	૧	૩	૫

૧	૩	૪	૨	૫	૨	૩	૪	૧	૫
૩	૧	૪	૨	૫	૩	૨	૪	૧	૫
૧	૪	૩	૨	૫	૨	૪	૩	૧	૫
૪	૧	૩	૨	૫	૪	૨	૩	૧	૫
૩	૪	૧	૨	૫	૩	૪	૨	૧	૫
૪	૩	૧	૨	૫	૪	૩	૨	૧	૫

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

૧	૩	૫	૨	૪	૨	૩	૫	૧	૪
૩	૧	૫	૨	૪	૩	૨	૫	૧	૪
૧	૫	૩	૨	૪	૨	૫	૩	૧	૪
૫	૧	૩	૨	૪	૫	૨	૩	૧	૪
૩	૫	૧	૨	૪	૩	૫	૨	૧	૪
૫	૩	૧	૨	૪	૫	૩	૨	૧	૪

૧	૨	૪	૫	૩	૧	૨	૫	૪	૩
૨	૧	૪	૫	૩	૨	૧	૫	૪	૩
૧	૪	૨	૫	૩	૧	૫	૨	૪	૩
૪	૧	૨	૫	૩	૫	૧	૨	૪	૩
૨	૪	૧	૫	૩	૨	૫	૧	૪	૩
૪	૨	૧	૫	૩	૫	૨	૧	૪	૩

૧	૪	૫	૨	૩	૨	૪	૫	૧	૩
૪	૧	૫	૨	૩	૪	૨	૫	૧	૩
૧	૫	૪	૨	૩	૨	૫	૪	૧	૩
૫	૧	૪	૨	૩	૫	૨	૪	૧	૩
૪	૫	૧	૨	૩	૪	૫	૨	૧	૩
૫	૪	૧	૨	૩	૫	૪	૨	૧	૩

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

॥

૧	૪	૫	૩	૨	૩	૪	૫	૧	૨
૪	૧	૫	૩	૨	૪	૩	૫	૧	૨
૧	૫	૪	૩	૨	૩	૫	૪	૧	૨
૫	૧	૪	૩	૨	૫	૩	૪	૧	૨
૪	૫	૧	૩	૨	૪	૫	૩	૧	૨
૫	૪	૧	૩	૨	૫	૪	૩	૧	૨

૨	૩	૪	૫	૧	૨	૩	૫	૪	૧
૩	૨	૪	૫	૧	૩	૨	૫	૪	૧
૨	૪	૩	૫	૧	૨	૫	૩	૪	૧
૪	૨	૩	૫	૧	૫	૨	૩	૪	૧
૩	૪	૨	૫	૧	૩	૫	૨	૪	૧
૪	૩	૨	૫	૧	૫	૩	૨	૪	૧

૨	૪	૫	૩	૧	૩	૪	૫	૨	૧
૪	૨	૫	૩	૧	૪	૩	૫	૨	૧
૨	૫	૪	૩	૧	૩	૫	૪	૨	૧
૫	૨	૪	૩	૧	૫	૩	૪	૨	૧
૪	૫	૨	૩	૧	૪	૫	૩	૨	૧
૫	૪	૨	૩	૧	૫	૪	૩	૨	૧

બાર ભાવના [આત્મગોષ્ટી.]

(પ્રાતઃકાળમાં એકાંત જગા અને શુદ્ધ ચિત્તે અનુપૂર્વી ગણી, એ સાધનથી મનને એકાગ્ર કરી, પછી બાર ભાવના રૂપ આ આત્મ ગોષ્ટી કરવી)

(૧) **અનિત્ય ભાવના**—હે જીવ! ત્હારી આસપાસ નજર કર. જે જે પદાર્થો તું જુએ છે, તે અને તારા પોતામાં કાંઇ તફાવત તને જણાય છે! તારી આસપાસનો દરેક પદાર્થ, તારી લક્ષ્મી, તારો વૈભવ, અને તારૂં પોતાનું શરીર પણ વિજળી કે પરપોટા જેવું વિનાશી છે—**અનિત્ય** છે. તું ગમે તેટલું રખોપું રાખીશ તોપણ તે દરેક પદાર્થ વિનાશી તે વિનાશીજ છે. નાશ પામવાનો એનો ધર્મજ છે. એ સર્વ વિનાશી વસ્તુઓની વચમાં તું એક અવિનાશી ભુલો પડવાથી આવી ચડયો છું. માટે એ નાશવંત વસ્તુઓમાં મોહ ન પામતાં તું

અવિનાશી એવા તને પીછાન. ભરત રાજાએ વીંટીના પ્રસંગ ઉપરથી આવી "અનિત્ય ભાવના" માં ડુબકી મારી હતી. જેના ફળ તરીકે કૈવલ્ય મૌક્તિક પામ્યા હતા.

(૨) **અશરણ ભાવના**—હે જીવ! જો તું અવિનાશી એવા તને પીછાનવા શ્રમ નહિ લે, તો નક્કી માનજે કે, નાશ માટેજ નિર્માએલી એ વસ્તુઓના નાશ કે વિયોગથી ત્હને થતાં દુઃખોમાં દિલાસો કોઇ રીતે નહિ મળે. અને જ્યારે તું એ બધી ચીજોને છેલ્લી સલામ કરી હમેશને માટે ચાલી નીકળીશ ત્યારે તને શરણુ આપવા કોઇ નહિ નીકળી આવે. અવિનાશી એવા પોતાને અથવા આત્માને જાણવારૂપ જે શ્રમ એજ તારો સગો થશે. માટે શરણુ સગું કે સંબંધી જો તારે જોઇતું હોય તો અવિનાશી એવા તારા આત્માનેજ શોધી એના શરણે જા.

અનાથી મુનિને માંદગીમાં કોઈ સગું ભાગ ન લઈ શકયું, એટલા ખ્યાલ ઉપરથીજ આવી "અશરણભાવના" માં ચડી જવાનો પ્રસંગ મળ્યો હતો, કે જે ભાવનાએ તેમને પંચ મહાવ્રતધારી મહારાજા બનાવી મોક્ષના અધિકારી બનાવ્યા હતા.

(૩) **સંસાર ભાવના**—હે જીવ! હમણાં તું જે જે વસ્તુઓમાં આનંદ માની રહ્યો છું તે વસ્તુઓ અને તેથી પણ વધારે ખેંચાણ કરનારી વસ્તુઓ તું અનેકવાર પામ્યો છું. દરેક ચીજના ભોક્તા તરીકે અને દરેક પ્રાણીના સગાં તરીકે સર્વ પ્રાણી પદાર્થ સાથે તેં અનેક વાર સંબંધ જોડયો છે, પણ કોઇ સંબંધ ટકી શકયો નહોતો. માટે કોઇ પ્રાણી કે પદાર્થના મોહમાં દીવાનો થઇ અવિનાશી એવા નિજ રૂપને ભુલીશ નહિ. એવી ભુલથીજ તું અપાર એવા સંસાર સમુદ્રમાં આદિ વગરના

કાળથી ભમ્યા કરે છે, અને ભ્રમણથી ઉદ્દ્ભવતાં દુઃખો પરવશપણે સહન કરે છે. માટે એ દુઃખોમાંથી મુક્ત થવું હોય તો સંસારમાં પડયાં છતાં વિરક્ત પુરૂષ માફક વર્તે.

શ્રી મલ્લીકુંવરીએ મોહન ઘરમાં વિષયાંધ રાજાઓને પૂર્વ ભવનો સંબંધ સમજાવી "**સંસાર ભાવના**" માં પ્રવેશ કરવાથી તે સર્વ મોહપંકજમાં ફસાએલા રાજાઓ મોહના શત્રુ બની મોક્ષલક્ષ્મી વર્યા હતા.

(૪) **એકત્વ ભાવના**—હે જીવ! તું એકલો છે, એકલો આવ્યો હતો, અને એકલોજ જઇશ. એક ઘર છોડી બીજા ઘેર જતી વખતે પહેલા ઘરવાળું કોઇપણ સગું તારી સાથે આવ્યું નથી, અને આવશે પણ નહિ, એ સગાને મદદ કરવા માટે તેં કરેલાં પાપોનું ફળ ભોગવવા વખતે પણ એ કોઇ આડો હાથ દેવા નહિ આવે, તો એવો પ્રેમ-એવો

સંબંધ-એવી મૈત્રી તારૂં શું લીલું કરનાર છે? તું તારા પોતામાંજ મિત્ર મેળવ.

સુંદર સ્ત્રીઓથી ઘેરાએલા મૃગાપુત્રે રત્ન જડીત મહેલની અગાશીમાં રસ્તામાં દુર્બળ તપસ્વીને જોઇને આવી "**એકત્વ ભાવના**" ભાવી હતી, જેના પ્રતાપે તેણે નિજરૂપ પ્રાપ્ત કર્યું હતું.

(૫) **અન્યત્વ ભાવના**—હે જીવ! તારા સિવાય તું જે કંઇ ભાળે છે, તે બધું તારાથી અલગજ સમજજે. ક્ષણ પણ ન સમજતો કે સ્ત્રી તારી છે, કે પુત્ર તારો છેઃ લક્ષ્મી તારી છે, કે દેહ તારી છે; જો એમજ હોત તો એ લક્ષ્મી તારા ઘરમાં આવ્યા પછી તારી હયાતીમાં બીજું ઘર કરત? એ સ્ત્રી પરલોક તો દૂર રહ્યું પણ કાષ્ટ સુધી પણ તારી સોબત કરવામાંથી જાત? આ પ્રત્યક્ષ જોવાતા ખેલ શું એમ નથી સ્પષ્ટ સમજાવતા કે તારે આ ઇંદ્ર-

જાળાથી નિજરૂપને અલગજ માનવું, અને એમાં લિપ્ત ન થતાં નિજ રૂપમાં દૃઢ રહેવું.

રાજર્ષિ નમીરાજે માંદગીના બિછાનામાં પડયા પડયા આ "અન્યત્વ ભાવના"માં ડુબકી મારી કૈવલ્ય મૌક્તિક મેળવ્યું હતું.

(૬) **અશુચિ ભાવના**–હે જીવ! તું કોને માટે દગાફટકા કરે છે! આ રૂપાળા હાડકાના પુતળાને પોષવા માટે? જો તો ખરો કે આ પુતળું ગંધાતું છે, મળમૂત્રથી ભરેલું છે, ક્ષણ-ક્ષણમાં બગડી જાય છે, રોગ, જરાનું નિવાસ ધામ છે. હવે એને તું સાચવી સાચવીને કેટલુંક સાચવીશ? 'ખાતર પર દીવેલ' કરતાં જરા તો વિચાર કર, તું તેને સાચવવા સુંદર કરવા, હૃષ્ટ–પુષ્ટ કરવા, હજારો પ્રપંચ કરે છે, હજારો પ્રકારની હિંસા કરે છે; પણ તે છતાં તે તો તને દગોજ દે છે. તારા ખરા ખપ વખતે તે તારી મરજી વિરૂદ્ધ લથડી પડે છે,

અને તને ફસાવે છે. હવે જો તારામાં બુદ્ધિ હોય તો જેટલી કાળજી એ ગુણચોર હાડ-પિંજર માટે ધરાવે છે, એટલીજ તારા પોતા માટે–આત્મા માટે રાખે તો અખુટ ગુપ્ત ખજાના તારે માટે ખુલ્લા થાય, એ નિ:શંક વાર્તા છે.

રૂપમાં જેનો જોડો ન મળે એવા સનંત કુમાર ચક્રવર્તીનાં રૂપમાં વાત કરતાં વાટ ઉઠી હતી. તેના શરીરમાં કીડા પડી ગયા હતા. જે રોગ ૭૦૦ વર્ષ શરીરમાં રહ્યો હતો, અને જેને અંતે "અશુચિ ભાવના"ના પ્રતાપે મોક્ષ મળ્યું હતું.

(૭) **આશ્રવ ભાવના**—હે જીવ ! રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ, ઇત્યાદિ "આશ્રવ" અથવા તારા આત્મ સ્વરૂપને મલીન કરનારા વળગાટ છે. પ્રતિક્ષણ તને એ નવાં કર્મોનો લેપ લાગતો જાય છે. એનાથીજ તું છાકટાની

માફક વર્તે છે. એનાથીજ ભવ ભ્રમણ કરતાં છતાં તું પોતાને સુખી માનવાની મૂર્ખાઇ કરે છે. માટે એ ચીકણા વળગાટને ઓળખ, એ-મના સ્વભાવથી વાકેફ થા, અને પછી એ લાગેલા વળગાટને દૂર કરવાના તથા હવે પછી ન લાગે તેવા ઉપાય લે. ઉપભોગ પરિભોગ આદિની તૃષ્ણા કમી કર. ઇચ્છાઓને મર્યાદાથી બાંધ, જે કોઇ તારી પાસે છે તેનો મોહ ઓછો કરી પરમાર્થેજ તારૂં સર્વસ્વ માન કે જેથી આશ્રવનો મેલો વળગાટ ઘણે દરજ્જે મોળો પડે.

ચંપા નગરીના શ્રાવક સમુદ્રપાળે ગોખમાં બેઠા બેઠા મુસ્કેટાટ બાંધેલા એક ચોરને વધ-સ્થાન તરફ લઈ જવામાં આવતો જોઈ, 'મારા કર્મ ઉદય આવશે, ત્યારે મારી પણ એજ વલે છે' એમ વિચારી "આશ્રવ ભાવના" માં ઉતરી પડી કૈવલ્ય પ્રાપ્ત કર્યું હતું.

(૮) **સંવર ભાવના**—હે જીવ ! જો તને ખચીતજ એવી શ્રદ્ધા બેઠી હોય કે રાગદ્વેષથી નવાં નવાં કર્મોની આવક હમેશાં તારામાં ચાલીજ આવે છે, તો તે આવકને રોકવા જ્ઞાન–ધ્યાનમાં આરૂઢ થા. જ્ઞાન–ધ્યાનમાં આરૂઢ થએલો આત્મા સિંહ સમાન દેખાવ ધારણ કરે છે, જેથી બિચારાં કર્મ તેની આગળ આવી શકતાં નથી. આવી રીતે જ્ઞાનધ્યાનમાં આરૂઢ થવું એનું નામજ **સંવર** કહેવાય છે.

આ "**સંવર ભાવના**"માં ચડી જઇ મન વચન, કાયાના જોગ કાબુમાં રાખી ચંડાળ કુળના હરકેશી મુનિએ ઉત્તમોત્તમ મોક્ષપદ પ્રાપ્ત કર્યું હતું.

(૯) **નિર્જરા ભાવના**—હે જીવ ! આત્માને આવતી રાગ–દ્વેષાદિ કર્મોની આવક બંધ તો કરી, પણ પૂર્વે થઇ ચૂકેલાં કર્મોને કાપવા–નિર્જરવા, તપ, સંયમ રૂપ 'નિર્જરા'

નું શરણું તારે લેવું જોઈએ છે. નિર્જરા માટે તપ કરનારો માણસ માન માગતો નથી, કીર્તિ કે ધન ઇચ્છતો નથી, લોક લજ્જાને ગણકારતો નથી, માત્ર આત્માર્થેજ ક્રિયા કરે છે. અને તે ક્રિયા જ્ઞાન સાથે કરે છે. જ્ઞાન સહિત ક્રિયાનુંજ નામ, "નિર્જરા" છે, કે જે વડે અર્જુનમાલિએ છ મહીનામાં કર્મ ક્ષય કર્યાં હતાં.

(૧૦) **લોક સ્વરૂપ ભાવના**—હે જીવ! આ પ્રમાણે આવતાં કર્મોને રોકી થએલાં કર્મોને નિર્જરી, હવે તું ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચાર, અસંખ્યાતા દ્વીપ સમુદ્રનો ખ્યાલ દૃષ્ટિ સમક્ષ લાવ; અને પછી જો કે આટલા અવકાશમાં તારૂં ઘર કે તું શા હિસાબમાં છે? અસંખ્યાતા દ્વીપ સમુદ્રની કુદરતની વળી વિચિત્રતા વિચાર; અને એમાં તલ્લીન થઈ તું દેહાધ્યાસ અને હુંપદ છોડ. આવી

"લોક સ્વરૂપ ભાવના" શિવરાજ ઋષિએ ભાવી હતી. જેના પ્રતાપે સાત દ્વીપ સમુદ્ર સુધીની તેની ટુંકી દૃષ્ટિ લાંબી થઈ અસંખ્ય દ્વીપ સમુદ્ર જોયા અને કર્મ ખપાવ્યાં.

(૧૧) **સમ્યકત્વ ભાવના**—હે જીવ! વૈરાગ્ય પ્રાપ્ત કરાવનારી ૧૦ ભાવના ભાવ્યા પછી તું વિચાર કર કે હવે શાંત પડેલા તારા જીવને શું કરવા જેવું છે અને શું છોડવા જેવું છે? આ નિર્ણય તને "**સમ્યકત્વ**" વગર થઇ શકવાનો નથી. સમ્યક્ એટલે સાચા જ્ઞાન વિના તારો આત્મા દોરા વગરની સોય માફક પાપ પુંજમાં–અજ્ઞાનમાં ખોવાઇ જાય છે, અને જશે. માટે સમ્યકૃત્વ પ્રાપ્ત કર. એ "**સમ્યકત્વ ભાવના**"થી ભરતે મોક્ષ પ્રાપ્ત કર્યું હતું.

(૧૨) **ધર્મ ભાવના**—હે જીવ! જ્ઞાન પામ્યો પણ તે સાર્થક તો ત્યારેજ કહેવાય કે જ્ઞાનને વ્યવહારમાં મુક અર્થાત્ ધર્મ આચર. સર્વ પ્રાણીને પોતા સમાન ગણવા જેટલી

પાયરીએ આવવું, અને સર્વને શાતા પમાડતાં શીખવું, એમાંજ ધર્મની સાફલ્યતા છે. માટે એવો ઉત્તમ ધર્મ ધારણ કર, કે જેથી બીજાને શાતા ઉપજાવનાર એવા તને અખંડ નિરાબાધ—અમિશ્ર શાતા ઉપજે.

આ બારમી "**ધર્મ ભાવના**" કડવા તુંબાનું શાક આરોગી જનાર ધર્મ ઋષિએ ભાવી હતી કે જેના પ્રતાપે તેમણે થોડીજ મિનીટમાં સર્વાર્થ સિદ્ધ વિમાન મેળવ્યું હતું.

એકેક ભાવના જ્યારે બેડો પાર કરાવવા સમર્થ છે ત્યારે બારે ભાવના ભાવવાવાળાના મોક્ષમાં શો સંશય?

શ્રી લઘુ સાધુ વંદના.

સાધુજીને વંદના નિત નિત કીજે,
પ્રહ ઉગમતે સૂર રે પ્રાણી;
નીચ ગતિમાં તે નવિ જાવે,
પામે રિદ્ધિ ભરપૂર રે પ્રાણી. સા૦ ૧

મોટાં તે પંચ મહાવ્રત પાળે,
છકાયરા પ્રતિપાળ રે પ્રાણી;
ભ્રમર ભીક્ષા મુનિ સુઝતી લેવે,
દોષ બેંતાલીસ ટાળ રે પ્રાણી. સા૦ ૨
રિદ્ધિ સંપદા મુનિ કારમી જાણી,
દીધી સંસારને પૂંઠ રે પ્રાણી;
એરે પુરૂષારી બંદગી કરતાં,
આઠે કરમ જાય તૂટ રે પ્રાણી. સા૦ ૩
એક એક મુનિવર રસના ત્યાગી,
એકેકા જ્ઞાન ભંડાર રે પ્રાણી;
એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી,
એના ગુણનો નાવે પાર રે પ્રાણી. સા૦ ૪
ગુણ સત્તાવીસ કરીને દીપે,
જીત્યા પરીસા બાવીસ રે પ્રાણી;
બાવન તો અનાચરણ ટાળે,
તેને નમાવું મારૂં શીશ રે પ્રાણી. સા૦ ૫
ઝાઝ સમાન એ સંત મુનિશ્વર,
ભવ્ય જીવ બેસે આય રે પ્રાણી;

પર ઉપકારી મુનિ દામ ન માગે,
દેવે તે મુગતી પોચાય રે પ્રાણી. સા૦ ૬
એ ચરણે પ્રાણી શાતા રે પાવે,
પાવે તે શીલ વિલાસ રે પ્રાણી;
જન્મ જરા અને મરણ મીટાવે,
નાવે ફરી ગર્ભાવાસ રે પ્રાણી. સા૦ ૭
એક વચન એ સદ્ગુરૂ કેરો,
જો બેસે દીલમાંય રે પ્રાણી;
નરક ગતિમાં તે નહિં જાવે,
એમ કહે જીનરાય રે પ્રાણી. સા૦ ૮
પ્રભાતે ઉઠીને ઉત્તમ પ્રાણી,
સુણો સાધારો વ્યાખ્યાન રે પ્રાણી;
એ પુરૂષારી સેવા કરતાં,
પાવે તે અમર વિમાન રે પ્રાણી. સા૦ ૯
સંવત અઢાર ને વર્ષ અડત્રીસે,
બુસી તે ગામ ચોમાસ રે પ્રાણી;
મુનિ આસકરણજી એણી પેરે જંપે,
હુ તો ઉત્તમ સાધારો દાસ રે પ્રાણી. સા૦ ૧૦

પંચ પરમેષ્ટી વંદણા.

કવિત (મનહર).

શ્રી અરિહંત દેવને.

નમું શ્રી અરિહંત, કરમાકો કીયો અંત;
હુવાસો કેવળવંત, કરૂણા ભંડારી હૈ.
અતિશે ચોતીશધાર, પેંતીસ વાણી ઉચાર;
સમજાવે નર નાર, પર ઉપકારી હૈ.
શરીર સુંદર આકાર, સૂરજ સો ઝલકાર;
ગુણ હૈ અનંત સાર, દોષ પરિહારી હૈ.
કેત હૈ તિલોકરીખ, મન, વચ, કાયા કરી,
લળી લળી વારંવાર, વંદણા અમારી હૈ.
કેત હૈ તિલોકરીખ, મન, વચન, કાયા કરી;
લળી લળી વારંવાર, વંદણા અમારી હૈ.

શ્રી સિદ્ધ ભગવંતને.

સકળ કરમ ટાળ, વશ કર લીયો કાળ;
મુગતીસે રહ્યા મીલ, આતમાકા તારી હૈ.
દેખત સકલ ભાવ, હુવા હૈ જગતરાવ;
સદાહિ ક્ષાયિક ભાવ, ભયે આવકારી હૈ.

અચલ અટલ રૂપ, આવે નહિ ભવકૂપ;
અનુપ સરૂપ ઉપ, ઐસી રિધ ધારી હૈ.
કેત હૈ તિલોકરીખ, બતાવો એ વાસ પ્રભુ;
સદાહિ ઉગત સૂર, વંદણા અમારી હૈ.

શ્રી આચાર્યજીને.

ગુણ હૈ છત્તીશ પૂર, ધારત ધરમ ઉર;
મારત કરમ ક્રુર, સુમતિ વિચારી હૈ.
શુદ્ધ સો આચારવંત, સુંદર હૈ રૂપકંત,
ભણિયા સવિ સિદ્ધાંત, વાંચણી સુ પ્યારી હૈ.
અધિક મધુર વેણુ, કોઇ નહિ લોપે કેણ;
સકલ જીવોકા સેણ, કિરત અપારી હૈ.
કેત હૈ તિલોકરીખ, હિતકારી દેત શીખ,
ઐસે આચારજ તાકું, વંદણા અમારી હૈ.

શ્રી ઉપાધ્યાયજીને.

પઢત અગીયારે અંગ, કરમાસુ કરે જંગ;
પાખંડીકો માન ભંગ, કરણ હુશીઆરી હૈ.
ચઉદે પૂરવધર, જાણત આગમસાર;
ભવીચોકે સુખકાર, ભ્રમણા નિવારી હૈ.

પઢાવે ભવિક જન, થિર કર હેત મન;
તપ કરી તાવે તન, મમતા નિવારી હૈ.
કેત હૈ તિલોકરીખ, જ્ઞાન ભાનુ પરતીખ;
ઐસે ઉપાધ્યાય તાકુ, વંદણા અમારી હૈ.

શ્રી સાધુજીને.

આદરી સંજમ ભાર, કરણી કરે અપાર;
સુમતિ ગુપતિધાર, વિકથા નિવારી હૈ.
જયણા કરે છકાય, સાવદ્ય ન બોલે વાય;
બુઝાઇ કષાય લાય, કિરિયા ભંડારી હૈ.
જ્ઞાન ભણે આઠે જામ, લેવે ભગવંત નામ;
ધરમકો કરે કામ, મમતા કે મારી હૈ.
કેત હૈ તિલોકરીખ, કરમાકો ટાળે વિખ;
ઐસા મુનિરાજ તાકુ, વંદણા અમારી હૈ.

શ્રી ગુરૂદેવને.

જૈસે કપડાકો થાન, દરજી બેતત આણ,
ખંડ ખંડ કરે જાણ, દેત સો સુધારી હૈ;
કાટકે જયું સૂત્રધાર, હેમકુ કસે સુનાર,
માટી કે જો કુંભકાર, પાત્ર કરે ત્યારી હૈ.

ધરતી કે કીરસાણ, લોહ કે લુહાર જાણ,
સીલવાટ સીલા આણ, ઘાટ ઘડે ભારી હે.
કેત હે તિલોકરીખ, સુધારે જ્યું ગુરૂ શીષ,
ગુરૂ ઉપકારી, નિત લીજે બલિહારી હે.
ગુરૂ મિત્ર ગુરૂ માત, ગુરૂ સગા ગુરૂ તાત,
ગુરૂ ભૂપ ગુરૂ ભ્રાત, ગુરૂ હીતકારી હે;
ગુરૂ રવિ ગુરૂ ચંદ્ર, ગુરૂ પતિ ગુરૂ ઇંદ્ર,
ગુરૂ દેવ દે આણંદ, ગુરૂ પદ ભારી હે;
ગુરૂ દિઠત જ્ઞાન ધ્યાન, ગુરૂ દેત દાન માન,
ગુરૂ દેત મોક્ષ થાન, સદા ઉપકારી હે;
કેત હે તિલોકરીખ, ભલી ભલી દીજે શિખ,
પલ પલ ગુરૂજીકે, વંદણા હમારી હે.

શ્રી ચોવીશ તીર્થંકરની સ્તુતિ.

લાવણી.

ઋષભ અજીત જીનનાથ, સંભવ અભિનંદના;
સુમતિ પદમ સુપાર્શ્વ, ચંદા પ્રભુ વંદના. ૧
સુબુદ્ધિ શીતળ શ્રીઅંશ, કે વાસુપુજ્ય ધ્યાઇએ;
વિમળ અનંત ધર્મનાથ, શાંતિ ગુણ ગાઇએ. ૨

કુંથુ અરં ચ મલ્લીનાથ, મુનિસુવ્રત નિમંળા;
નેમી અરિષ્ટ નેમીનાથ, પાર્શ્વ મહાવીર ભલા.૩
એ ચોવીશીના નામ, કે નિત્ય પ્રત્યે ભજો;
હિંસા જુઠ અદત્ત, મૈથુન પરિગ્રહ તજો.૪
એ ચોવીશીનાં નામ, કે નિત્ય પ્રત્યે ધ્યાઇએ;
જન્મ મરણુ દુઃખ દુર, મુક્તિ પદ પાઇએ.૫
વીશે વાંદુ વેરમાણુ, અગીઆરે વાંદુ ગણુધરા;
બે કર જોડી નામું શિશ, કે સાચા જીનેશ્વરા.૬
કવીશ્વર કહે કરજોડ, સૂણો રે ભવી પ્રાણીયા;
કર્મ હરણુ એ ઉપાય, કે જગમેં જાણીયા.૭
સાચો તે શ્રી જૈન ધર્મ, વ્યસન વશમેં વસ્યો;
ચાલ્યો કુકર્મની ચાલ, ચોર્યાસીમાં ભટકીઓ.૮
ભમ્યો અનંતો કાળ, કે ધર્મ વિના કુગતિમાં;
પ્રભુજી કરજો મુજપર મહેર, કે મેલજો મુગતીમાં.

જિનેશ્વરની વાણી.

(મનહર)

અનંત અનંત ભાવભેદથી ભરેલી ભલી,

અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે;
ઉપમા આખ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;
અહો રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

વીર વાણી.

વીર વાણી તણી લાણી મહા ભાગ્યે મળે જાણી,
શાણી મહારાણી સહુ વાણીમાં જણાય છે;
ઉજળી ઉદાર અને ગરવી ગંગાજી જેવી,
અઘ મેલ પાપ સહુ જે વડે હણાય છે;
નય નિક્ષેપાતણા તરંગ અંગ ઉછળે છે,
મધુરી મહાન મીઠી માવડી મનાય છે;
જેના જેવી જગત્‌માં જોડી બીજી જાણી નથી,
એવી વીર વાણી વંદનીય વખણાય છે.

સમાપ્ત.

શ્રી વિદ્યાલયમાં થતાં કામકાજની યાદી.

મુંબઇ—શ્રી જૈન શ્વે. વિદ્યાલય એ ખાતું સાત વર્ષ થયાં ચાલે છે. તેનો હિસાબ દર વર્ષે બહાર પડે છે, તેમાં કસાઇ વાડેથી જીવ છોડાવાય છે. ધાર્મિક અભ્યાસની ચોપડીઓ, પુંજણીઓ, કાજાથાળી મફત અપાય છે, અશક્ત માટે દવાની ગોઠવણ થાય છે, જીવદયા ખાતે આવતી રકમની પહોંચ અપાય છે. ટીપો છપાય છે, ધાર્મિક પુસ્તકો છપાવી પડતર કીંમતે વેચાય છે. આ ખાતાને મદદ આપનારે ધર્માદા પેટી રાખી છે તેની રકમ જમે થઇ રીપોર્ટદ્વારા જણાવાય છે.

આશા છે કે, દાનવીર ગૃહસ્થો આ ખાતા

તરફ પોતાનો ઉદાર હાથ લંબાવી બનતી કરવા ચુકશો નહિ।

લી. સેવકો

શાહ ત્રીભોવનદાસ ગુલાબચ

ગાંધી રતનચંદ પાનાચંદ.

ઠે. ભીંડી બજાર પાટકા બીલ્ડીંગ ૫

માળે રૂમ નં. ૨૮—મુંબઈ

આપને કોઇ પુસ્તક છપાવવું હોય પ્રુફ સુધરાવવાનું સારૂં અને મનપસંદ કા હોય તો લખો:—

સંઘવી વાડીલાલ કાકુ

સારંગપુર તળીઆની પોળ-અમ
